ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
બ્લોક નં. ૫, આઠમો માળ, સચિવાલય,
ગાંધીનગર -૩૮૨૦૧૦.

**Email ID:** sok51343@gmail.com

તાત્કાલિક | પત્ર ક્રમાંક: પીઆરઈ/૧૨૨૦૨/e-૨૩૮૨/ક

પ્રતિ,
નિયામકશ્રી,
પ્રાથમિક શિક્ષણની કચેરી,
વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેક્ટર-૧૯,
ગાંધીનગર– ૩૮૨૦૨૧

**વિષય : અધિકારી/કર્મચારીઓને જુની પેન્શન યોજનાનો લાભ આપવા બાબત**

શ્રીમાન,

ઉપર્યુક્ત વિષયના આપના તારીખ ૨૨/૦૪/૨૦૨૫ ના પત્ર ક્રમાંક : પ્રાશિનિ/ગ-સેવાકીય/જુ.પે.યો./૨૫/૨૭૨થી કરેલ દરખાસ્ત અન્વયે જણાવવાનું કે સદરહુ પ્રકરણમાં નાણા વિભાગ દ્વારા આપવામાં આવેલ માર્ગદર્શન નીચે મુજબ છે, જે ધ્યાને લઇ આનુષાંગિક કાર્યવાહી તાત્કાલિક હાથ ધરવા વિનંતી છે.

| | |
|---|---|
| ૧ | નાણા વિભાગના તા. ૧૬/૦૪/૨૦૨૫ ના ઠરાવના (બ)-૩(ખ) ની સૂચના અન્વયે ખાતાના વડા તરીકે નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી હોવાથી પ્રાથમિક શિક્ષકો/મુખ્ય શિક્ષકોની પાત્રતા અંગેની પુરતી ચકાસણી કરી વિગતવાર હુકમો કરવાના થાય છે. પ્રાથમિક શિક્ષકો/મુખ્ય શિક્ષકો પુરતા જુની પેન્શન યોજનામાં સમાવવા અંગેના હુકમો નિમણૂંક અને શિસ્ત અધિકારી તરીકે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/શાસનાધિકારીશ્રીને સત્તા આપવાની બાબતે સંબંધિત અધિકારી/કર્મચારીની પાત્રતા અંગે પુરતી ચકાસણી કરી વહીવટી વિભાગ/ખાતાના વડાએ વિગતવાર હુકમો કરવાના રહેશે તે મુજબની નાણા વિભાગના તા. ૧૬/૦૪/૨૦૨૫ના ઠરાવની જોગવાઇ યથાવત રાખવામાં આવે છે. |
| ૨ | જિલ્લાના જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/શાસનાધિકારીશ્રી દ્વારા પ્રાથમિક શિક્ષકમાંથી મુખ્ય શિક્ષકમાં સીધી ભરતીથી જોડાયેલ કર્મચારીઓની અગાઉની સેવા સળંગ ગણવાના આદેશ કરવામાં આવેલ છે તો તેવા કેસોને નાણા વિભાગની મંજૂરી અર્થે રજુ કરવાના રહે કે કેમ તે બાબતે, પ્રાથમિક શિક્ષકમાંથી મુખ્ય શિક્ષકમાં સીધી ભરતીથી જોડાયેલ કર્મચારીઓના કિસ્સામાં સીધી ભરતીથી નિમણૂંક પામનાર મુખ્ય શિક્ષકોની અગાઉની સેવા સળંગ ગણવા બાબતે નાણા વિભાગની મંજૂરી લેવાની રહેશે તે મુજબની નાણા વિભાગના તા. ૧૬/૦૪/૨૦૨૫ ના ઠરાવની જોગવાઇ અનુસાર કાર્યવાહી કરવાની રહેશે. |
| ૩ | કર્મચારીઓની બહોળી સંખ્યાને ધ્યાને લઇ, ખાતાના વડા કક્ષાએ જિલ્લાનુસાર કેમ્પનું આયોજન કરી જૂની પેન્શન યોજનામાં સમાવવા અંગેના હુકમો કરવાના રહેશે. |

**૨. આમ, અધિકારી/કર્મચારીઓને જુની પેન્શન યોજનાનો લાભ આપવા બાબતે સરકારના આદેશોનું સમયમર્યાદામાં ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.**

આપનો વિશ્વાસુ,
(એમ. આર. ચૌહાણ)
સેક્શન અધિકારી
શિક્ષણ વિભાગ

નકલ રવાના :
સેક્શન અધિકારીશ્રી, ચ શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

Signature Not Verified
Signed by:M R Chauhan
Section Officer
Date:2025.06.13
14:30:56 +5:30


Open the document in Adobe Acrobat DC to verify the E-sign